તાત્કાલિક

નં.અજાક/મ/૫/૨૦૧૪/ ૬૨૦૪-૬૨૭૦
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતાભવન
ફોનનં.૫૪૧૭૯,૫૩૨૪૦,ફેકસનં.૫૩૨૪૪
ગુજરાત રાજય, ગાંધીનગર
તા.૧૦/૧૧/૨૦૧૪

પરિપત્ર

**વિષય: અનુસૂચિત જાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજના બાબત.**

આથી તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ તથા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પં.)ને જણાવવામાં આવે છે કે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક. એસસીડબલ્યુ / ૧૦ / ૨૦૧૩ / ૭૮૩૨૮૬ / ગ, તા. ૦૮ / ૦૮ / ૨૦૧૪થી અમલમાં મૂકવામાં આવેલ અનુસૂચિત જાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા લોન સહાય યોજના હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં આપની કચેરીને ફાળવવામાં આવેલ લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે આપની કચેરીને મળેલ અરજીઓની ચકાસણી કરી જે અરજીઓ મંજુર કરવાપાત્ર હોય તે તમામ અરજીઓમાં ભલામણ કરી જે તે બેંકને મોકલી આપવા નિયમોનુસાર ઘટતી કાર્યવાહિ ત્વરિત હાથ ધરવા માટે આ કચેરીના પરીપત્ર નં.અજાક/મ/૫/૨૦૧૪/૬૦૧૭-૬૦૯૫, તા.૨૮/૧૦/૨૦૧૪થી સુચના આપવામાં આવેલ છે. જે અનુસાર આ સાથેના પત્રક મુજબની આપના જિલ્લાની માહિતી દિવસ-૫ માં આ કચેરીને મોકલી આપવા અંગત કાળજી લેવા વિનંતી.

આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
(૧) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
જિ.................................(તમામ)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત)
જિ.................................(તમામ)
(૩) શાખાધિકારીશ્રી,
વડી કચેરી, (તમામ) ગાંધીનગર

**અનુસૂચિત જાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજના હેઠળની અરજીઓની વિગતો દર્શાવતુ પત્રક**

| ક્રમ | મળેલ અરજીઓની સંખ્યા | કોલમ નં. (૨) પૈકી બેંકને ભલામણ સહ મોકલેલ અરજીઓની સંખ્યા. | કોલમ નં. (૨) પૈકી બેંકને ભલામણ ના કરવામાં આવેલી હોય તેવી અરજીઓની સંખ્યા. | કેવા કારણોસર બેંકને ભલામણ કરવામાં આવી નથી તેના અરજીઓ વાર કારણો | કોલમ નં. (૩) પૈકી બેંકે મંજુર કરેલી અરજીઓની સંખ્યા. | બેંકે જે અરજીઓ મંજુર કરી છે. તે પૈકી મંજુર કરેલ સબસીડીની રકમ (રૂ) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

નં અજાક/મ/૨/૨૦૧૪/૪૫૬૧ થી ૪૬૪૧
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૨૬ /૦૮/૨૦૧૪

પ્રતિ,.

(૧) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,..................(તમામ)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,(પંચાયત)........................(તમામ)
(૩) તકેદારી અધિકારીશ્રીની કચેરી.................અમદાવાદ/રાજકોટ/વડોદરા.
(૪) વડી કચેરીની શાખાઓ...................(તમામ)

૨/ સરકારશ્રીના સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના અનુ.જાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજનાનો ઠરાવ ક્રમાંક એસસીડબલ્યુ /૧૦૨૦૧૩/૭૮૩૨૮૬/ગ, તા. ૦૮/૦૮/૨૦૧૪ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવેછે. તો તે અંગે નિયમોનુસાર ઘટતી કાર્યવાહી સત્વરે થવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર